## સુરતના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ) સાહેબની કોર્ટમાં, મુકામ – સુરત

# ફોજદારી કેસ નંબર-૩૩/૨૦૨૬

### :: આંક-૦૧ લગત હુકમ ::

==========================================================

(૧) અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર વિરુદ્ધ લિંબાયત પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુના રજીસ્ટર નંબર ૧૧૨૧૦૦૨૫૨૨૧૯૨૪/૨૦૨૨ ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫(૧) મુજબની ફરિયાદ તા.૨૩.૦૪.૨૦૨૨ ના રોજ દાખલ કરવામાં આવેલી કામમાં તપાસ કરનાર અમલદાર દ્વારા ઝીણવટ ભરી રીતે તપાસ કરતાં અરજદારે સદરહું કહેવાતો ગુનો કરેલ ન હોય અને ફરિયાદીએ તેમના વિરુદ્ધમાં ખોટી ફરિયાદ દાખલ કર્યાનું સાહેદોના નિવેદન, બનાવવાળી જગ્યાના સીસીટીવી ફૂટેજ અને મોબાઈલ ટાવર સર્વલેન્સના આધારે તેઓએ ગુનો નહીં કરેલ હોવાનું સાબિત થતાં તપાસ કરનાર અમલદારે ના.કોર્ટમાં તા.૦૯.૦૭.૨૦૨૨ ના રોજ આખરી અહેવાલ નં.૩૨/૨૦૨૨ થી અરજદારની વર્ગ-બી સમરી ભરી ગુનો બનતો નથી અને સદરહું ફરિયાદ ખોટી છે તેવો રિપોર્ટ ના.કોર્ટમાં કર્યો છે. અરજદાર મક્કા મદીના, સાઉદી અરેબિયા મુકામે હજ પડવા જવાના હોવાથી અરજદારે ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા, મિનિસ્ટ્રી ઓફ એક્સટર્નલ અફેર્સ, રીજીયોનલ પાસપોર્ટ ઓફિસ, સુરત મુકામે પાસપોર્ટ બનાવવાની અરજી કરતાં પાસપોર્ટ ઓથોરિટી દ્વારા અરજદારનો પોલીસ રિપોર્ટ મંગાવતા અરજદાર વિરુદ્ધમાં સદર ગુનો પેન્ડિંગ બોલતો હોય પાસપોર્ટ ઓથોરિટી દ્વારા અરજદારનો પાસપોર્ટ બનાવી આપેલ નથી. અરજદારની વિરુદ્ધમાં તપાસ કરનાર અમલદારે ના.કોર્ટમાં વર્ગ-બી સમરી ભરેલ હોય અને અરજદાર અરજદાર વિરુદ્ધમાં કોઈ ચાર્જશીટ થયેલ ના હોય તેમ છતાં પાસપોર્ટ ઓથોરિટી દ્વારા અરજદારને પાસપોર્ટ બનાવવા માટે ના.કોર્ટમાં કેસ પેન્ડિંગ હોય તે જણાવી પાસપોર્ટ બનાવી આપેલ નથી. અરજદારને મક્કા મદીના મુકામે હજ પઢવા જવાનું હોવાથી પાસપોર્ટ બનાવવો જરૂરી હોય અને તેના માટે ના.કોર્ટની પરવાનગીની જરૂર હોય હાલની અરજી કરવાની ફરજ પડેલ છે, તેમ જણાવી વર્ગ-બી સમરી પેન્ડિંગ હોય અને તાત્કાલિક પાસપોર્ટની જરૂરિયાત હોય પાસપોર્ટ ઓથોરિટી, સુરતને અરજદારનો પાસપોર્ટ ૧૦ વર્ષની મુદત માટે ઈસ્યુ કરવા હુકમ ફરમાવવા વિનંતી અરજ કરેલી છે.

(૨) અરજી સંદર્ભમાં અરજદાર તરફે વિ.વ.શ્રી એ.એ.હકીમને તથા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. વિ.વ.શ્રી કહીમે દલીલ કરી છે કે, અરજદાર પોતે વૅપાર કરે છે અને તેઓ હજ પઢવા માટે જવાનું પ્લાનીંગ કરી રહ્યા છે. અરજદાર વિરૂદ્ધ હાલનો કેસ પેન્ડીંગ હોવાને લીધે પાસપોર્ટ ઓથોરીટી દ્વારા વાંધા ઉઠાવી કોર્ટની પરવાનગી મેળવી રજૂ કરવા જણાવેલ હોઈ, હાલની અરજી કરવી પડેલ છે. ખરેખર જોવામાં આવે તો અરજદાર વિરૂદ્ધ ખોટી ફરિયાદ આપવા માટે વર્ગ-બી સમરી ભરાઈ ગયેલી છે, અરજદારે કોઈ ગુનો આચરેલ નથી તેવા સ્પષ્ટ તારણ ઉપર પોલીસ આવતા, અરજદારને ક્લીનચીટ આપવાના ભાગરૂપે જ પોલીસે સમરી ફાઇલ કરેલી છે, આજદિન સુધી ચાર્જશીટ થયેલ છે. જેથી અરજદાર વિરૂદ્ધ કોઈ ગુનો જ બનતો ના હોય પાસપોર્ટ ઑથોરિટી તેઓને ૧૦ વર્ષ માટે પાસપોર્ટ ઈસ્યુ કરી આપે તેવો હુકમ ફરમાવવા દલીલ કરી છે. અરજદાર તરફે વિ.વ.શ્રીએ અરજીના સમર્થનમાં **ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા, મિનિસ્ટ્રી ઓફ એક્ષટર્નલ અફેર્સનું નોટિફીકેશન નં.જીએસઆર ૫૭૦(ઈ)** ની નકલ રજૂ કરી છે તેમજ **ધીરેન બક્ષી, ચાર્ડટ એકાઉન્ટન્ટ વિરૂદ્ધ રીજીયોનલ પાસપોર્ટ ઓફીસર, અમદાવાદ, ૨૦૦૩(૧) જીએલએચ પાના નં.૦૧** માં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત સિદ્ધાંતોનો આધાર લઈ અરજી મંજુર કરવા દલીલ કરી છે. જે સમગ્રપણે વંચાણે લેવામાં આવેલ છે.

(૩) સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી છે કે, હાલના કિસ્સામાં જોવામાં આવે તો અરજદાર વિરૂદ્ધ તેમના ભાઈએ જ લિંબાયત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી છે. વહીવટી કારણોસર અને નામદાર ન્યાયાધીશ સાહેબશ્રીઓની બદલી થવાના સંજોગોમાં કોઈ કારણસર તે સમરી પેન્ડીંગ રહેવા પામેલી, પરંતુ લિબાયત પોલીસ સ્ટેશન અત્રેની અદાલતને ફાળવવામાં આવતા કોર્ટના ધ્યાન ઉપર આવતા અદાલતે તુરંત સંજ્ઞાન લઈ ફરિયાદીને નોટિસ ઈસ્યુ કરતાં ફરિયાદીએ હાજર થઈ પોતે કામ આગળ ચલાવવા માટે વકીલ રોકવા સારૂ તા.૧૩.૦૨.૨૦૨૬ ના રોજ રીપોર્ટ રજૂ કરેલ છે. એટલે કે, જ્યાં સુધી આ વર્ગ-બ પડત સમરીનો આખરી નિર્ણય થાય નહીં ત્યાં સુધી હાલના અરજદારની નિર્દોષતાનું અનુમાન કરી શકાય તેમ નથી. નામદાર અલ્હાબાદ હાઈકોર્ટે ઉમાપતિ વિરૂદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયાના ચુકાદામાં સ્પષ્ટ સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો છે કે, ઈન્ડિયન પાસપોર્ટ એક્ટ અંતર્ગત કોઈ વ્યક્તિ વિરૂદ્ધ ફોજદારી ગુનો પેન્ડીંગ હોય તેવા કિસ્સામાં ના.કોર્ટે પાસપોર્ટ ઑથોરીટીને હુકમ કરવા અંગે કોઈ જોગવાઈ કરવામાં જ આવેલી નથી. જે તમામ હકીકતો ધ્યાને રાખીને હાલની અરજી નામંજુર કરવા ભારપૂર્વક દલીલ કરી છે.

(૪) અરજીના સમર્થનમાં અરજદાર/આરોપી તરફે Government of India, Ministry of External Affairs, Regional Passport Office, Surat દ્વારા ઈસ્યુ લેટર નિ.૩/૪ થી રજૂ કરેલ છે. જે વંચાણે લેવામાં આવે તો તે તા.૨૩.૦૧.૨૦૨૬ ના રોજ હાલના

અરજદારને સંબોધીને Letter Reference No.SCN/1052314765/26 થી ઈસ્યુ થયેલાનું જણાય છે. જે વંચાણે લેવામાં આવે તો તેમાં સ્પષ્ટ એવું જણાવેલ છે કે,

> "This is in reference to receipt of an adverse Police Verification Report corresponding to your application for passport issue, with file number SU1076572075126 dated 08/01/2026.
>
> You are therefore, called upon to provide a suitable explanation within 30 days. Please note that you are required to furnish a proper explanation regarding the circumstances under which you had suppressed the material information in your passport application. *Please be informed that in case of non response within the specified period or a non-satisfactory response, you will be denied the passport against this or any future application unless cleared in appeal by the PSP Division or Court.*
>
> AS PER POLICE REPORT RPO SURAT AN APPLICANT AGAINST CASE REGISTERED IN SURAT CITY LIMBAYAT POLICE STATION CASE NO-11210025221924/2022, 114, 294-B, 323, 324, 506-2 OF THE IPC ACT CASE IS PENDING IN COURT
>
> Please send self attested photocopies, or originals of the documents as required. Send the documents by registered post to the address of the Regional Passport Office mentioned above. Please make sure to mention your file number and the reference number mentioned in the top block of this letter on each page/document and also on the envelope for further correspondence. If you live in the vicinity of Surat or have been specifically asked to appear in person, you could choose to submit the required documents to the Superintendent Enquiry at the Regional Passport Office between 09:30 AM to 12:30 PM on Monday to Friday except Wednesday. You may visit RPO by taking prior online appointment."

(૫) તમામ હકીકત અને સંજોગો તેમજ રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લીધી. નોંધનીય છે કે, અરજીની હકીકત મુજબ એ સ્પષ્ટ છે કે પોલીસે બ-પડત સમરી ભરી છે, આ બ-પડત સમરી

મંજુર થયેલી હોય તેવી કોઇ રજૂઆત અરજદારની નથી. તે સંદર્ભે જોવામાં આવે તો લિંબાયત પોલીસ સ્ટેશન સંદર્ભનો ચાર્જ અત્રેની કોર્ટને ફળવાતા આ પેન્ડીંગ બ-પડત સમરીને રજીસ્ટરે લઈને ફરિયાદીને નોટિસ ઈસ્યુ કરવામાં આવેલી. આ તબક્કે બ-પડત સમરી અત્રેની કોર્ટમાં SMRJ No.02/2026 થી પેન્ડીંગ હોઇ, તે ધ્યાને રાખવામાં આવે તો મુળ ફરિયાદીએ હાજર થઈને વકીલ રોકવા રજૂઆત કરેલી છે. એટલે કે, આ સમરી મંજુર થઈ ગયેલ હોય તેમ નથી.

(૬) આથી વિશેષ હકીકતે જોવામાં આવે તો નોંધનીય હકીકત એ છે કે, અરજદાર તરફે તેઓ હાલની અરજી કયા કાયદાની કઇ જોગવાઈ નીચે કર્યા રહ્યા છે તેની કોઇ હકીકત જણાવી નથી, માત્ર પાસપોર્ટ ઑથોરિટી દ્વારા અરજદારનો પોલીસ રીપોર્ટ મંગાવતા તેમના વિરૂદ્ધમાં ગુનો પેન્ડીંગ બોલતો હોય પાસપોર્ટ ઑથોરિટી દ્વારા તેમનો પાસપોર્ટ બનાવી આપેલ નથી તેથી પાસપોર્ટ ઑથોરિટી, સુરત અરજદારનો પાસપોર્ટ ૧૦ વર્ષ માટે ઈસ્યુ કરી આપે તેવી દાદ માંગી દીધી છે. પરંતુ, ખુદ અરજદારે ઉપરોક્ત નિ.૩/૪ થી રજૂ કરેલ પાસપોર્ટ ઑથોરિટીનો પત્ર વંચાણે લેવામાં આવે તો પાસપોર્ટ આપવાનો ઈન્કાર કરેલ હોય તેમ જણાતુ નથી, પરંતુ પાસપોર્ટ માટેની અરજીના અરજદારે પોતાના વિરૂદ્ધના ફોજદારી કેસની હકીકત કેમ છુપાવેલી તેનો ખુલાસો દિન-૩૦ માં કરવા માટે જણાવેલ હોવાનું સ્પષ્ટ છે. આમ, પાસપોર્ટ ઑથોરિટી સમક્ષ જરૂરી ખુલાસો કરવાને બદલે અરજદાર સીધા કોર્ટ સમક્ષ પાસપોર્ટ ઑથોરીટીને હુકમ કરવાની દાદ લઈને આવ્યા છે.

(૭) આથી વિશેષ હકીકતે અરજદારે પોતાની અરજીના સમર્થનમાં ***ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા, મિનિસ્ટ્રી ઓફ એક્ષટર્નલ અફેર્સનું નોટિફીકેશન નં.જીએસઆર ૫૭૦(ઈ)*** ની નકલ રજૂ કરી છે જે સમગ્રપણે વંચાણે લેવામાં આવેલ છે. આ નોટિફીકેશન પૈકી અરજદારે “It is necessary in public interest to do so, hereby exempts citizens of India against whom proceedings in respect of an offence alleged to have been committed by them are pending before a criminal Court in India and *who produce order from Court concerned permitting them to depart from India.*” ને ટાંકીને રજૂઆત કરી છે કે, આ નોટિફીકેશન મુજબ કોર્ટે અરજદારનો પાસપોર્ટ ઈસ્યુ કરવા માટે પાસપોર્ટ ઑથોરિટીને હુકમ કરવાની જરૂર છે. જે સંદર્ભમાં એક ***hairline difference*** જોવામાં આવે તો ઉપરોક્ત નોટિફીકેશનના જે પેરેગ્રાફ ઉપર અરજદાર આધાર રાખે છે તે પૈકી જ અંડરલાઈન કરેલ શબ્દો ધ્યાને રાખવામાં આવે તો એ સ્પષ્ટ છે કે, *જે કોઈ નાગરિક કે જેના વિરૂદ્ધ ભારતની કોઈ અદાલતમાં ક્રિમીનલ કેસ પેન્ડીંગ હોય તે ભારત છોડવાની પરવાનગી અંગેનો સંલગ્ન અદાલતનો હુકમ લાવશે*, તેવા કિસ્સાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. હાથ ઉપરની અરજીની હકીકતો વંચાણે લેવામાં આવે તો અરજદારની એવી લેશમાત્ર દાદ નથી કે તેમને ભારત દેશની હદ છોડવાની પરવાનગી આપવામાં આવે. ત્યારે આ સંજોગોમાં જ્યારે અદાલતની ભારત બહાર જવાની

પરવાનગીની જ દાદ અરજદાર માંગતા ના હોય, ત્યારે સીધા પાસપોર્ટ ઑથોરિટીને પાસપોર્ટ ઈસ્યુ કરી દેવા હુકમ કરવો તે અતિયોક્તિભર્યુ જણાય છે. આ સાથે સાથે ***અહીં ન્યાયના વિશાળ હિતમાં એ હકીકત પણ નોંધવી ઉચિત જણાય છે*** કે, અરજદાર વિરૂદ્ધ પોલીસે અટકાયતી પગલા ભર્યા હોય, અદાલત સમક્ષ રજૂ કરતાં અદાલતે પાસપોર્ટ જમા કરાવવાની કે ભારત દેશની હદ નહીં છોડવા અંગેની કોઈ શરત ફરમાવી હોય તેવું કાંઈ બનેલ નથી, ત્યારે અરજદારે પારપોર્ટ ઑથોરિટીના ઉપરોક્ત પત્રનો દિન-૩૦ માં ઉપરોક્ત નોટિફીકેશનની જોગવાઈઓને આધિન ખુલાસો કરવાને બદલે અવળા રસ્તે ચઢી સીધો જ અદાલત પાસે આવી પાસપોર્ટ ઑથોરીટી તેમને પાસપોર્ટ ઈસ્યુ કરી આપે તેવો હુકમ ફરમાવવાની દાદ માંગી રહ્યા છે, તે પણ ન્યાયોચિત જણાતુ નથી. કારણ કે, ખુદ અરજદારે જે પાસપોર્ટ ઑથોરિટીનો પત્ર રજૂ કરેલ છે, તે વંચાણે લેતાં અરજદારો પાસપોર્ટ ઈસ્યુ કરવાનો સક્ષમ ઑથોરિટીએ ધરાહાર ઈન્કાર કરી દીધો હોય કે અરજી રીજેક્ટ કરી દીધી હોય તેમ જણાતુ નથી.

(૮) આથી વિશેષ હકીકતે જોતાં અરજદારે **ધીરેન બક્ષી, ચાર્ડર્ટ એકાઉન્ટન્ટ વિરૂદ્ધ રીજીયોનલ પાસપોર્ટ ઓફીસર, અમદાવાદ, ૨૦૦૩(૧) જીએલએચ પાના નં.૦૧** માં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત સિદ્ધાંતો પૈકી હેડનોટ ટાંકીને તેનો આધાર લઈ અરજી મંજુર કરવા દલીલ કરી છે. જે માનસહ વંચાણે લેવામાં આવેલ છે. જેમાં મેજીસ્ટ્રેટે પરવાનગી મંજુર કરી હોય ત્યારબાદ પાસપોર્ટ ઑથોરિટીએ અરજી નામંજુર કરવાને કોઈ કારણ નથી, તેવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે. હાલના કિસ્સામાં જોવામાં આવે તો અગાઉ નોંધ્યુ તેમ નિ.૩/૪ થી રજૂ કરેલ પત્ર મુજબ અરજદારની અરજી નામંજુર કરી હોય તેમ જણાતુ નથી, પરંતુ દિન-૩૦ માં પુર્તતા કરવા માટે સુચના આપેલી, જે પુર્તતા કરવાને બદલે અરજદાર સીધા જ શોર્ટકટ અપનાવી પ્રોસીજર બાયપાસ કરી કોર્ટમાંથી હુકમ મેળવી સીધો જ પાસપોર્ટ રીન્યુ કરાવવાની નિયત સાથે આવી ગયેલા હોવાનું જણાય છે. આમ, અરજદારની અરજી જ પ્રિમેચ્યોર જણાય છે. આમ, ઉપરોક્ત તમામ હકીકત ચર્ચાને ધ્યાને રાખતા અરજદાર/આરોપી તરફે રજૂ હાલની અરજી મંજુર કરવા પાત્ર નહીં હોવાનુ અત્રેની અદાલતનું નમ્રપણે માનવું હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે.

**હુ ક મ**

1. અરજદાર તરફે રજૂ હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૭ મી માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ - ૨૭/૦૩/૨૦૨૬**

**સ્થળ - સુરત**

**(અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની)**

**જજ કોડ - જીજે૦૧૬૦૬**

**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ), સુરત**